## <u>જાહેરાત</u>

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, અમદાવાદ સંચાલિત તબીબી મહા વિદ્યાલય સંલગ્ન હોસ્પિટલ, સોલા–અમદાવાદ, ગોત્રી–વડોદરા, ધારપુર–પાટણ, વલસાડ, અને ગાંધીનગર ખાતે નર્સિંગ સંવર્ગની જગ્યાઓ નિયમીત ધોરણે ફીકસ પગારથી ભરવા લાયકાત ધરાવતા ઉમેદવારો માટે નીચે મુજબ વોક–ઈન–ઈન્ટરવ્યુ રાખવામાં આવેલ છે.

(૧) નર્સીગ સુપ્રીન્ટેન્ડન્ટ, ડેપ્યુટી નર્સીગ સુપ્રીન્ટેન્ડન્ટ, આસી.નર્સીગ સુપ્રીન્ટેન્ડન્ટ, ઈન્ચાર્જ સીસ્ટરસંવર્ગ માટે તા.૩/૧૦/૧૧ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે

(૨) સ્ટાફનર્સ સંવર્ગ માટે તા.૪/૧૦/૧૧ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે

ઉમેદવારે પસંદગીના સ્થળે નિયત સમયે નમુનાની અરજી સાથે વોક–ઈન–ઈન્ટરવ્યુમાં ઉપસ્થિત થવાનું રહેશે. અરજીનો નમુનો તથા વધુ વિગત www.gujhealth.gov.in અથવા www.medadmbjmc.in વેબ સાઈટ ઉપરથી મેળવી શકાશે

ચેરમેન

જી.એમ.ઈ.આર.સોસાયટી,અમદાવાદ

# જાહેરાત

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, અમદાવાદ સંચાલિત તબીબી મહા વિદ્યાલય સંલગ્ન હોસ્પિટલ સોલા–અમદાવાદ, ગાંધીનગર, ગોત્રી–વડોદરા, ધારપુર–પાટણ, અને વલસાડ ખાતે નર્સીંગ સંવર્ગની નીચે મુજબની જગ્યાઓ નિયમિત ધોરણે ફીકસ પગારથી લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરવા માટે તા. ૩/૧૦/૧૧ અને તા.૪/૧૦/૧૧ના રોજ તબીબી અધિક્ષકશ્રીની કચેરી તબીબી મહા વિદ્યાલય સંલગ્ન હોસ્પિટલ સોલા–અમદાવાદ, ગોત્રી–વડોદરા, ધારપુર–પાટણ, વલસાડ અને ગાંધીનગર ખાતે સવારે ૧૦:૦૦ કલાકે વોક ઈન ઈન્ટરવ્યુ રાખેલ છે. નિમણુંક મેળવવા ઈચ્છુક ઉમેદવારોને નિયત નમુનાની અરજી સાથે પસંદગીના સ્થળે રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | ફીકસ પે | જગ્યાની અંદાજીત સંખ્યા | | | | | તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | સોલા | ગોત્રી | પાટણ | વલસાડ | ગાંધીનગર | |
| ૧ | નર્સીંગ સુપ્રીન્ટેન્ડન્ટ / મેટ્રન | ૧૦,૦૦૦/– | ૨ | ૧ | ૨ | ૨ | ૨ | તા.૩/૧૦/૧૧ સવારના ૧૦:૦૦ કલાકે |
| ૨ | ડેપ્યુટી નર્સીંગ સુપ્રીન્ટેન્ડન્ટ | ૮૦૦૦/– | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | |
| ૩ | આસી.નર્સીંગ સુપ્રીન્ટેન્ડન્ટ | ૬૦૦૦/– | ૨ | ૬ | ૦ | ૩ | ૧ | |
| ૪ | ઈન્ચાર્જ સીસ્ટર | ૬૦૦૦/– | ૬ | ૪ | ૧૩ | ૨૪ | ૦ | |
| ૫ | સ્ટાફનર્સ | ૫૦૦૦/– | ૭૯ | ૪૧ | ૬૫ | ૮૮ | ૦ | તા.૪/૧૦/૧૧ સવારના ૧૦:૦૦ કલાકે |

ઉપર દર્શાવેલ જગ્યાઓ અંદાજીત છે. તેથી તેમાં ફેરફાર થવા સંભવ છે.

ફીકસ પે ઉપરાંત સોસાયટી ધ્વારા નકકી કરવામાં આવેલ પ્રોત્સાહક ભથ્થુ આપવામાં આવશે.

તા.૧૭/૨/૧૧ અને તા.૧૯/૨/૧૧ના રોજ વલસાડ ખાતે નર્સિંગ સંવર્ગના લેવાયેલ ઈન્ટરવ્યુની પ્રક્રિયા આથી રદ કરવામાં આવે છે અને તેથી આ ઈન્ટરવ્યુમાં હાજર રહેલ ઉમેદવારોએ જો તેઓ નોકરી માટે ઈચ્છુક હોય તો ઉપર નિર્દેશિત સ્થળ, સમય અને તારીખે વોક ઈન ઈન્ટરવ્યુમાં ફરીથી હાજર થવાનું રહેશે.

ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ / ગુજરાત નર્સિંગ કાઉન્સિલ ધ્વારા માન્ય નર્સિંગ સ્કુલ / કોલેજ માંથી તાલીમ મેળવીને ગુજરત નર્સિંગ કાઉન્સિલનું રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેવા ઉમદવારોએ વોક ઈન ઇન્ટરવ્યુમાં ઉપસ્થિત થવાનું રહેશે. જે ઉમેદવારોએ રજીસ્ટ્રેશન માટે ગુજરાત નર્સિંગ કાઉન્સિલને અરજી કરી હોય તેઓએ તે અંગેના આધાર સાથે ઇન્ટરવ્યુમાં હાજર રહી શકશે. પરંતુ તેઓ પસંદગી પામશે તો સમય મર્યાદામાં રજીસ્ટ્રેશન સર્ટી રજુ કરશે તો જ નિમણુંક મળવા પાત્ર રહેશે. ઉમેદવારની નિમણુંક સોસાયટી ધ્વારા નિયત થયા મુજબની બોલીઓ અને શરતો ને આધીન રહેશે.

અરજી સાથે નીચે જણાવેલ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ અચુક લાવવાની રહેશે. અસલ પ્રમાણપત્રો પણ ચકાસણી માટે સાથે લાવવાના રહેશે.

૧. જન્મ તારીખની ખરાઈ માટે શાળા છોડયાનું પ્રમાણપત્ર
૨. જો નામમાં ફેરફાર કરેલ હોય તો નામની ખરાઈ માટે ગેઝેટની નકલ.
૩. ડીપ્લોમા ઈન જનરલ નર્સીંગ એન્ડ મીડવાઈફરી અભ્યાસક્રમ પાસ કર્યાના પ્રથમ,દ્વિતીય, તૃતીય અને ચોથા વર્ષના તમામ પ્રયત્નોની માર્કશીટની નકલ.
૪. જો ડીગ્રી કોર્ષ કરેલ હોય તો, પ્રથમ,દ્વિતીય,તૃતીય અને ચોથા વર્ષની તમામ પ્રયત્નોની માર્કશીટની નકલ.
૫. રજિસ્ટર્ડ નર્સ તેમજ રજિસ્ટર્ડ મીડવાઈફ અથવા મીડવાઈફરીની અવેજીમાં કરેલ કોર્ષનું ગુજરાત નર્સીંગ કાઉન્સીલના રજિસ્ટ્રેશનની નકલ.
૬.એસસી, એસટી અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર જાતિ અંગે સક્ષમ અધિકારીના પ્રમાણપત્રની નકલ.
૭. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે જાતિ અંગેના પ્રમાણપત્ર ઉપરાંત ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ થતા નથી તે અંગેનું સક્ષમ અધિકારીનું
તા.૧/૪/૨૦૧૧ કે તે પછીનું ક્રિમીલીયર પ્રમાણપત્રની નકલ.
૮. શારીરીક અપંગતા ધરાવતા ઉમેદવારે સબંધિત જિલ્લાની સીવીલ હોસ્પીટલના મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સીવીલ સર્જનશ્રીના અપંગતાના પ્રમાણપત્રની નકલ.
૯. અનુભવનું પ્રમાણપત્ર
૧૦. શૈક્ષણિક લાયકાતનું પ્રમાણપત્ર.

| ક્રમ | જગ્યાનું નામ | અરજીની તારીખે ઉંમર | શૈક્ષણિક લાયકાત | અનુભવ |
|---|---|---|---|---|
| ૧ | નર્સીંગ સુપ્રીન્ટેન્ડન્ટ/મેટ્રન | ૬૫ | બી.એસ.સી/એમ.એસ.સી.(નર્સીંગ) પાસ | દસ વર્ષનો અનુભવ |
| ૨ | ડે.નર્સીંગ સુપ્રીન્ટેન્ડન્ટ | ૬૫ | જનરલ નર્સીંગ એન્ડ મીડવાઈફરી/બી.એસ.સી.નર્સીંગ પાસ | આંઠ વર્ષનો અનુભવ |
| ૩ | આસી.નર્સીંગ સુપ્રીન્ટેન્ડન્ટ | ૬૫ | જનરલ નર્સીંગ એન્ડ મીડવાઈફરી/બી.એસ.સી.નર્સીંગ પાસ | સાત વર્ષનો અનુભવ |
| ૪ | ઈન્ચાર્જ સીસ્ટર | ૬૫ | જનરલ નર્સીંગ એન્ડ મીડવાઈફરી/બી.એસ.સી.નર્સીંગ પાસ | પાંચ વર્ષનો અનુભવ |
| ૫ | સ્ટાફનર્સ | ૪૦ | જનરલ નર્સીંગ એન્ડ મીડવાઈફરી/બી.એસ.સી.નર્સીંગ પાસ | – |

ઉકત ક્રમ નં.૨ થી ૫ માટે બી.એસ.સી. (નર્સિંગ) ને અગ્રતા આપવામાં આવશે. તમામ જગ્યાઓ માટે કોમ્પ્યુટરની જાણકારી આવશ્યક રહેશે.

ચેરમેન
ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી,
અમદાવાદ

**.........................................ની જગ્યા પર નિમણુંક માટેનો અરજીનો નમુનો**

| |
|---|
| ઉમેદવારની સહી સાથેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો અહી લગાવવો |

૧. ઉમેદવારનું પુરેપુરૂ નામઃ–

(અ)કેપીટલ અક્ષરમાં અંગ્રેજીમાં ___________________________________

૨. પત્રવ્યવહારનું સરનામું ઃ–
( ટે.નં./ મો.નં. અચુક લખવો)

૩. જન્મ તારીખ ઃ–

૪. જાતિ ઃ–   (જે લાગુ પડતું હોય ત્યાં (√)ખરાની નિશાની કરવી)

પુરૂષ / સ્ત્રી

૫. કેટેગરીઃ– (જે લાગુ પડતું હોય ત્યાં (√)ખરાની નિશાની કરવી)

જનરલ / સા.શૈ.પ / અનુ.જાતિ /અનુસુચિત જન જાતિ  / શા.ખો.ખાં

૬.શૈક્ષણિક લાયકાત અંગેની વિગતો ઃ– (જે લાગુ પડતું હોય ત્યાં (√) ખરાની નિશાની કરવી)

ડીપ્લોમા ઈન જનરલ નર્સીગ એન્ડ મીડવાઈફરી  / બી.એસ.સી/એમ.એસ.સી.(નર્સીગ)

( જે તે વર્ષમાં અગાઉ નાપાસ થયેલ હોય તો તેવા તમામ પ્રયત્નોની માર્કશીટની નકલ બીડવી)

| વર્ષ | પાસ કર્યાનું વર્ષ | કુલ ગુણ | મેળવેલ ગુણ | ટકા | પ્રયત્ન |
|---|---|---|---|---|---|
| પ્રથમ | | | | | |
| દ્વિતીય | | | | | |
| તૃતીય | | | | | |
| ચતુર્થ | | | | | |

૭. ગુજરાત નર્સીગ કાઉન્સીલની વિગતોઃ–

| રજીસ્ટ્રેશન | રજીસ્ટ્રેશન નંબર | તારીખ |
|---|---|---|
| રજીસ્ટર્ડ નર્સ | | |
| રજીસ્ટર્ડ મીડવાઈફ /લ્યુ ઓફ મીડવાઈફરી | | |

૮. શૈક્ષણિક સંસ્થાની વિગતો ઃ–

| કોર્ષ / ડીગ્રીનું નામ | સ્કુલ કોલેજનું નામ |
|---|---|
| રજીસ્ટર્ડ નર્સ | |
| રજીસ્ટર્ડ મીડવાઈફઝ/લ્યુ ઓફ મીડવાઈફરી | |

૯. અનુભવ

| ક્રમ | અનુભવની તારીખ(કઈ તારીખ થી કઈ તારીખ સુધી) | ધારણ કરેલ હોદ્દો | સંસ્થાનું નામ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |

**બાંહેધરી**

ઉપર દર્શાવેલ વિગતો સંપુર્ણપણે સત્ય છે, જો તે ખોટી કે ગેરમાર્ગે દોરનારી જણાશે તો મારી અરજી આપોઆપ રદ થયેલ ગણાશે. ભરતી માટેના જે કાંઈ નિયમો હશે તે તમામ નિયમો મને બંધનકર્તા છે.

સ્થળઃ–
તારીખઃ–                                                            ઉમેદવારની સહી.

બિડાણઃ–(તમામ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો બીડવી)